# પ્રકરણ : ૭

# સ્ત્રી સર્જકોની અખબારી ધારાવાહિક નવલકથાઓ

## પ્રકરણ : ૭

# સ્ત્રી સર્જકોની અખબારી ધારાવાહિક નવલકથાઓ

**ભૂમિકાઃ**

નવલકથા સ્વરૂપ ગમે તેમ તોય પડકારરૂપ તો ખરૂં જ. પાંચમા દાયકા સુધી જે ધારામાં નવલકથાઓ વહેતી આવી ત્યાં સુધી તો આ સ્વરૂપે પોતાની ગુજરાતીતા પ્રસ્થાપિત કરી દીધી હતી. અને ઘણા ચઢાવ ઉતાર પછી એક સ્થિરતા ધારણ કરી હતી. અને એનાં ખાસ્સાં વિવેચનો પણ થવા પામ્યાં છે. પરંતુ નવલકથાનું એક ધારાપણું પણ અહીં જોવા મળે છે. જે છઠ્ઠા દાયકા પૂરતું જણાય છે. બદલાયેલી વૈશ્વિક પરિસ્થિતિ સર્જક ચેતના ઉપર અસર કરે છે. અહીં આપણને નવલકથાનું નવું ગણિત જોવા મળે છે. આ દાયકામાં નવલો પણ ખાસ્સા પ્રમાણમાં લખાઈ. બદલાતી તાસીર સાથે માનવીય અભિગમો અને વિવેચનની પરિપાટી પર ખરા ઉતરવા હવે કશુંક ઉફરા થઈને કરવું જરૂરી હતું. એટલે વાદ કે જુવાળ પણ આ સમયે ફાટી નીકળ્યા. એમાં દલિતધારા અને નારીવાદી ધારા મુખ્ય છે. સ્ત્રી લેખિકાઓ પણ એ ગુજરાતી સાહિત્યમાં વિકાસનું ચિહ્ન ગણાય. એમાંય ઘણી ગુજરાતી નવલકથાઓ ટેકનિક અને કથનરીતિમાં મૂળભૂત ફેરફારો જોવા મળ્યા અને આગલા તબક્કાની પ્રયોગશીલ નવલકથાઓની તુલનાએ વિશિષ્ટ ગુણવત્તા ધરાવતી નવલકથાઓ ઉપલબ્ધ થઈ અને સ્ત્રીનો અવાજ એની સંકુલ દુનિયા થઈ. આપણી સમક્ષ ઉપસ્થિત થયો. આજ સુધી ગોંધાઈ રહેલી સ્ત્રીને સંઘર્ષમાં ઉતારી એક વિદ્રોહી અવાજ આપવાનો પ્રયાસ આ લેખિકાઓએ કર્યો છે. બંધિયારપણું તોડીને સ્વતંત્ર મિજાજ ધરાવતી થયેલી સ્ત્રીનાં ઘણા ઉજળાં પાસાં જોવા મળ્યાં તો સામે પક્ષે એની અંધારી બાજુ પણ જોવા મળી. શોષિત નારીએ બંડ પોકાર્યું અને પુરૂષ પ્રધાન સમાજને પડકાર્યો. આજ સુધી કલ્પનાવિહાર જોવા મળતો હતો, સ્ત્રી સૌંદર્યનાં જે કલ્પનાનાં જે ઉચ્ચ વર્ણનો મળતાં હતાં, પરિવેશ કે પ્રકૃતિનાં જે ઉચ્ચ વર્ણનો મળતાં હતાં, તેમાં હવે પરિવર્તન આવ્યું અને વાસ્તવની ભોંય પરથી આ લેખિકાઓએ નર્યું કઠોર વાસ્તવ અને એમાં રહેલું સૌંદર્ય બતાવ્યું. હવે સ્ત્રી જીવન - કુટુંબ અને એનાં વિવિધ રૂપો આપણી સમક્ષ ઉપસ્થિત થયા. સ્ત્રીને ગુલામ નહીં પણ સમકક્ષ ગણવાની હિમાયત જાણ્યે અજાણે થઈ. એ પણ પુરૂષ સમોવડી બની છે એનો ચિતાર આ લેખિકાઓ દ્વારા મળ્યો.

સમાજમાં રહેલા હજારો દૂષણો પ્રત્યે પોતે કેટલી જાગૃત છે એ નારીએ તીવ્ર આક્રોશ સાથે બતાવ્યું છે અને આ લેખિકાઓમાં ઘણી તો પત્રકારના વ્યવસાયમાં જ જોડાયેલી છે. એટલે ધારાવાહીરૂપે લખાયેલી એમની નવલકથાઓ અનુભવના નિચોડ રૂપે આવી છે એ નોંધવું જોઈએ. શિષ્ટ કૃતિઓની પણ એવી જ માવજત કરીને આ સર્જકોએ ગુજરાતી સાહિત્યની અમૂલ્ય સેવા કરી છે. અહીં આપણે જીવનની સુંદર અનેક ક્રિયાઓનું જેટલી સ્વસ્થતાથી નિરૂપણ થતું જોઈ શકીએ છીએ. સમાજના વાસ્તવને રજૂ કરતી ઘણી બધી નવલકથાઓએ લોકપ્રિયતા પણ મેળવી છે. ઘણાં પારિતોષિકો પણ મેળવ્યા છે. અખબારમાં ધારાવાહી રૂપે આવેલ સ્ત્રી લેખિકાઓની નવલકથાઓ એક વાવાઝોડું બનીને સ્ત્રીના માનસ પર ફરી વળ્યું અને સ્ત્રીને સ્વતંત્રતાનો મિજાજ આપ્યો. આવી લેખિકાઓની કૃતિઓને તપાસીએ.

## ૭.૧ ધીરૂબહેન પટેલ કૃત - ‘ગગનનાં લગન’

ધીરૂબહેન પટેલની ઘણી નવલકથાઓ અખબારી નવલકથા તરીકે પ્રસિદ્ધ થઈ છે. પરંતુ એમાં ‘ગગનનાં લગન’ એક મહત્ત્વની સિદ્ધિ ધરાવે છે. ધીરૂબહેન લખે છે કે - ‘‘હા નાનપણથી નવલકથાઓ વાંચવી ગમે.... બહુ જ ગમે.... વાસ્તવિક દુનિયામાં પાછા ફરતાં ઉદાસ થઈ જવાય.’’[(૧)]

આવાં વાચક પ્રસિદ્ધ સાહિત્યકાર બની જાય છે.

ધીરૂબહેન પટેલે નવલકથાનું સર્જન કરતાં (૧) ‘વડવાનલ’ (૧૯૬૩), (૨) ‘શીમળાંનાં ફૂલ’ (૧૯૬૫), (૩) ‘વાવંટોળ’ (૧૯૭૦), (૪) ‘વમળ’ (૧૯૭૯), (૫) ‘ગગનનાં લગન’ (૧૯૮૪), (૬) ‘કાદંબરીની મા’ (૧૯૮૮), (૭) ‘એક ફૂલ ગુલાબી વાત’ (૧૯૯૦), (૮) ‘એક મીઠી ડાળ’ (૧૯૯૨), (૯) ‘પેઈંગ ગેસ્ટ’ (૧૯૯૮), (૧૦) ‘સંશયબીજ’ (૧૯૯૮), (૧૧) ‘અતીતરાગ’ (૨૦૦૦) જેવી નવલકથાઓ લખી છે. જ્યારે લઘુનવલનું સર્જન કરતાં (૧) ‘વાંસનો અંકુર’ (૧૯૬૭), (૨) ‘એક ભલો માણસ’ (૧૯૭૯), (૩) ‘આંધળી ગલી’ (૧૯૮૩), (૪) ‘હુતાશન’ (૧૯૯૩), (૫) ‘આગંતુક’ (૧૯૯૬).

‘ગગનનાં લગન’ સફળ હાસ્યરસપ્રધાન નવલકથા ૪-૯-૧૯૮૩ થી ૪-૩-૧૯૮૪ લગી ‘જન્મભૂમિ’ અને ‘પ્રવાસી’ દ્વારા ધારાવાહીરૂપે પ્રગટ થઈ હતી. ‘‘ધારાવાહી નવલકથા લખવી

એટલે શું તેની કયાં ખબર હતી ?''(૨)

ધીમે ધીમે ઘડાતાં ગયાંને એમણે ઘણી જ ઉત્કૃષ્ટ નવલકથા આપી. જેમાં ધારાવાહિક નવલકથાઓનું સર્જન પણ થયું. આ અનુભવ કેવો હતો ? લેખિકા કહે છે -''અઠવાડિયાના પાંચ દિવસ ગાંધીજીના આકારદેહનો અનુવાદ અને છઠ્ઠે દિવસે 'વડવાનલ'. ખરૂં પૂછો તો લખવાનો અનુભવ એક અજબ આનંદ આપતો હતો.''(૩)

ક્રમેક્રમે ઘટનાઓ - પ્રસંગો ગોઠવીને લખવાનો અનુભવ કામ આવે છે.

'ગગનનાં લગન' અને 'વડવાનલ' નવલકથા દ્વિસાધ્યલક્ષી છે. એક સાધ્ય તે નવલકથા નિર્મિત, બીજું હાસ્યરસ - નિષ્પતિ.

'વડવાનલ' પણ એમની આ પ્રકારની નવલકથા છે. ધારાવાહી નવલકથા વિશેનું આ મંતવ્ય જુઓ-

'વડવાનલ' વિશે ખુદ લેખિકા લખે છે કે- ''....એક સારૂં માણસ ખોટું કામ કરે કે નહીં - કરે તો કયારે કરે એવા પ્રશ્નોનો જવાબ હું શોધતી હતી અને લેખકના મન પર બાહ્ય બનાવોના કેવા પ્રત્યાઘાતો - આઘાતો પડે છે તે ચકિત થઈને જોતી હતી.''(૪)

એકબાજુ ગંભીરતા અને બીજી બાજુ હાસ્યરસને ગોઠવી આપવાનું અઘરૂં કાર્ય કર્યું છે.

આપણી ભાષામાં રમણભાઈ નિલકંઠ, જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતા તથા ચુનીલાલ મડિયા સિવાય, આ સમયના આટઆટલા હાસ્યરસિક લેખકોમાંના કોઈએ પણ આ ચમત્કાર કરી બતાવ્યો નથી.

શ્રી ધીરૂબહેન પટેલની આ હાસ્યરસ પ્રધાન નવલકથા વિશે ચમત્કાર જેવી લેખાય તેવી વાત એમના જ શબ્દોમાં જોઈએ-

''૧૯૪૩નું વરસ ઘણું બધું લખી નાખવાનો ઉમંગ રોમરોમ ઊછળતો હતો. તે વખતે આ નવલકથા લખવાની શરૂ કરેલી. બીજું પ્રકરણ પૂરૂં થાય તે પહેલાં મારા ઉત્સાહની ભરતી અનેક કારણોસર મંદ પડી અને પછી રોળાઈ ગઈ તે છેક ૧૯૮૩માં એક પ્રબળ હેલકારા સાથે પાછી જાગી. એનાં એજ પાત્રો, એની એ જ વાર્તા, એનું એ જ શીર્ષક - બધું સ્મૃતિમાં કયાંક અકબંધ જળવાયેલું પાછું બહાર નીકળી આવ્યું અને લખાઈ ગયું.''(૫)

અખબારી નવલકથાકાર માટે જોઈતી તમામ લાયકાતો ધીરૂબહેનમાં છે. ધીરૂબહેન વાસ્તવ અને કલા બંનેને પૂરી રીતે ઓળખે છે. ધીરૂબહેન વાસ્તવદર્શી કલાકાર છે તે કારણે તેમનો હાસ્યરસ જીવનની વાસ્તવિકતાની ધરા પર વહે છે. આ હાસ્યરસ શુદ્ધ, નિર્દોષ, નિર્મળ અથવા એકદમ નીતર્યો હાસ્યરસ છે. હાસ્યરસમાં ગંભીરતા અને ગંભીરતામાં હાસ્યરસ એ ધીરૂબહેનની વિશેષતા છે.

'વડવાનલ' સંદર્ભે કહે છે - ''રેખા પ્રત્યે એક કોમળ લાગણી પણ હતી, એને વધારે દુઃખ ન મળે તો સારૂં એવું પણ થતું હતું છતાં વાર્તાનો પ્રવાહ પૂર્વ નિશ્ચિત નિષ્ઠુર ગતિએ આગળ વધતો જતો હતો.''(૬)

અહીં બે નવલકથાની ચર્ચા કરવાનો ઉપલક્ષ્ય એ છે કે તેઓ અખબારી નવલકથાની બંને છેડાની લાક્ષણિકતાઓ ધરાવે છે.

'ગગનનાં લગન'માં શરીરે ગોરો, ગોળમટોળ અને સોહામણો સ્વભાવે સરળ, ભોળો, ઉદાર, સ્નેહાળ તથા સંવેદનશીલ, શંતરંજનો જાણકાર, ખાવા ખવડાવવાનો અત્યંત શોખીન, સંસ્કારી અને સમજદાર તથા અઢળક સંપત્તિવાન, સુખવાસી જીવ પણ કૈંક ગભરૂદાસ એવો કથાનાયક ગગન, એક વખતે આદિવાસી મેળામાં નેતરની સોટી જેવી કાયા ધરાવતી જ્યોત્સના ઉર્ફે જ્યુ ઉર્ફે સોટી, ઉર્ફે અપ્સરાએ એને જોયો. જોતાંવેંત ગમી ગયો. અહીં મિત્ર ચંદ્રકાંત, કાકા બિહારીલાલ, અમીદાસની પુત્રી મંદાકિની વગેરે પાત્રોની રમૂજી માવજત કરી છે.

મંદાકિનીનું પાત્ર ઘણું જ સિફતથી અહીં નિરૂપણ પામ્યું છે. મંદાકિની કહે છે- ''મને ગગન નથી ગમતો, મને ચંદ્રકાંત ગમે છે.''

પ્રણય - લગ્ન - સંબંધ ત્રણેયના પરસ્પર તાણાવાણા રચીને લેખિકાએ ધારાવાહીના વાચકને ગમે તેવી પરિસ્થિતિઓનો ઉદ્‌ભવ કર્યો છે.

અમેરિકાથી કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાનું શીખી આવેલા ડૉ. પરંતપ સાથે જ્યોત્સનાનો વિવાહ કરવાનું એની ફોઈ પ્રભાવતીએ નક્કી કર્યું. ઘટનાઓ ગૂંથાય છે, એ કેવી રીતે ગૂંથાય છે ?-

લેખિકા લખે છે - ''સર્જનની પ્રક્રિયામાં કોઈક ક્ષણે એવું કંઈક અત્યંત વેગભર્યું બની જતું હોય છે કે આંગળી મૂકીને બતાવી શકાય નહીં.''(૭)

''આ બધો મનોવ્યાપાર એટલો બધો અંગત અને નાજુક છે કે ગમે એટલી ફ્લડ લાઈટ નાખવાથી

એ પૂરેપૂરો દષ્ટિગોચર  થાય નહીં.'' (૮)

સર્જન અને લોકપ્રિયતા કયારેક પ્રત્યક્ષ હોય છે તો કયારેક પરોક્ષ એના માટે નિરૂપણરીતિ જવાબદાર હોય છે.

'ગગનનાં લગન'માં નાટ્યાત્મક પ્રસંગો અને ઘટનાઓ નિરૂપાઈ છે. લેખિકાએ એ માટે વાચકની નાડને પારખી છે. લગ્ન પ્રસંગને તો સૌ કોઈ જાણતું હોય છે, એ લોકપ્રિય અને અતિ પ્રચલિત પ્રસંગનો પ્રયોગ લોકપ્રિયતાનું સાધન હતું.

લેખિકા લખે છે કે- ''પૂર્ણવિરામ આપ્યા પછી એવું પણ મન થયેલું કે આની આ વાર્તા અંજનાના દષ્ટિકોણથી લખી હોય તો કેવી થાય ?'' (૯)

વાર્તા લખવામાં કયો દષ્ટિકોણ ઉપયોગી ? એ પ્રશ્ન માધ્યમ અને વાચકોથી બદલાતો રહે છે- ''પ્રણય વિજયની આ કથાનો હાસ્યરસ અણધાર્યા વળાંક લેતી પરિસ્થિતિનાં વૈચિત્ર્યોમાંથી ઉદ્ભવે છે.'' (૧૦)

''ટૂંકમાં, લેખિકાએ પ્રણય, લગ્ન, સંબંધ, સમાજ રિવાજ અને વ્યકિતલક્ષણોને ટાર્ગેટ કરીને આ નવલકથા લોકપ્રિય અખબારી નવલકથા બનાવી છે.''(૧૧)

જ્યારે સમાજના વાસ્તવને નિરૂપણ કરવાનું થાય ત્યારે કોઈપણ સર્જક ગંભીર રીતે તેને અવલોકે અને આસ્વાદે પછી સાધે પરંતુ એક સ્ત્રી લેખિકા હોવા છતાં ધીરૂબહેને પોતાની આ નવલકથા વાસ્તવતા ધરાતલ પર હોવા છતાં એમા હાસ્યને સ્થાન આપ્યું છે. ધારાવાહી નવલકથામાં ગંભીર અને હાસ્ય એ બે વિરોધી તત્વોને સમાંતર લઈને ચાલવું અઘરૂં કામ છે.ધીરૂબહેને એ કામ પુરી નિષ્ઠાથી અને કળાકીય દષ્ટિએ પણ કરી બતાવ્યું છે. માણસના હૃદયની સૌથી મોટી ટ્રેજેડી એ છે કે તેનામાં એક ભાવ નથી હોતો. વિવિધ ભાવો અને વિરોધી ભાવો હોય છે. એક પળે જેને તે ધિક્કારે છે બીજી જ પળે તેની ખાતર તે જીવનનું બલિદાન આપી દે છે. માણસના આ કેવળ ટ્રેજેડી જનની કદાચ તેનું સૌથી મોટું ગૌરવ પણ હશે. દુનિયા મનુષ્યથી ભરપૂર છે અને મનુષ્ય છે ત્યાં સમાજ છે અને ત્યાં કેટલીક વિડંબનાઓ હોય છે. એની પ્રતિક્રિયા નવલકથા કરાવે છે.

## ૭.૨ વર્ષા અડાલજા કૃત - 'ગાંઠ છૂટ્યાની વેળા'

વર્ષા અડાલજાનું નામ અજાણ્યું નથી. નવલકથા ક્ષેત્રે તેમનું નામ ઘણું પ્રસિદ્ધ છે. તેમાંય વળી

ધારાવાહી લખવામાં તેમણે ઘણી સિદ્ધિઓ હાંસલ કરીને આ ક્ષેત્રે પોતાનું નામ અંકીત કર્યું છે. નવલકથાઓનું સર્જન કરતાં કરતાં વર્ષા અડાલજાએ 'શ્રાવણ તારાં સરવડાં' (૧૯૬૭), 'તિમિરનાં પડછાયા' (૧૯૬૯), 'મારે પણ એક ઘર હોય' (૧૯૭૧), 'છેવટનું છેવટ' (૧૯૭૬), 'નીલિમા મૃત્યુ પામી છે' (૧૯૭૭), 'ગાંઠ છૂટયાની વેળા' (૧૯૮૦), 'બંદીવાન' (૧૯૮૬), 'માટીનું ઘર' (૧૯૯૧), 'અણસાર' (૧૯૯૨), 'મૃત્યુદંડ' (૧૯૯૬), 'ત્રીજો કિનારો' (૨૦૦૧), 'શગરે સંકોરૂં' (૨૦૦૪), 'પગલાંથી પંથ એક ફૂટયો' (૨૦૦૭) વગેરે નવલકથાઓ રચી છે.

વર્ષા અડાલજાની 'ગાંઠ છૂટયાની વેળા' 'જન્મભૂમિ પ્રવાસી'માં પ્રગટ થઈ હતી. એક અખબારી નવલકથા વિશે પ્રસ્તાવનામાં જ લેખિકાએ ઘણો ફોડ પાડયો છે. તેઓ કહે છે કે-

''જ્યારે ધગધગતા અને વિશાળ મગરનાં જડબાં જેવા સુક્કી નદીના ભાઠામાંથી ખટારો જતો હતો, ત્યારે મનમાં અહીંની આદિવાસી પ્રજાના જ વિચારો ઘોળાતા હતા. થયું આ પ્રજાની અનંત હાડમારીઓ, રાઈના દાણા જેટલોય આ અંશ નથી.''(૧૨)

નાના માણસોની વેદના અને એ વેદનાને ઓછી કરવાના પ્રયત્નમાંથી આ નવલકથા રચાઈ છે.

પ્રથમ કચ્છમાં પછી ગુજરાત તથા મધ્યપ્રદેશની સરહદે મધ્યપ્રદેશમાં આવેલા કઠ્ઠિવાડા પ્રદેશમાં માધવલાલ મહારાજે જે કંઈ કર્યું એની કથા છે. આ કથામાં ચોરાયેલી બંદૂકો પાછી મેળવવા માટે કોસ્ટો બાંધી જંગલમાં રખડતા થયેલા માધવલાલ મહારાજ આદિવાસીઓના પ્રથમ પરિચયમાં મૂકાયા ત્યારથી એ જ ધરતીમાં મળેલી કડવાશોથી ત્રસ્ત થયા છતાં અમીના ઓડકાર સાથે ધૂળની મુઠ્ઠી ભરી, એ ધૂળ માથે ચડાવી એ ઉતરાર્ધ તથા કચ્છમાંના પ્રવેશ સાથે આરંભાતો અને દાણચોરોને કંઈપણ કરવા માટે અસહાય ફોજદારની ઊર્મિઓ સાથે પૂરો થતો પૂર્વાર્ધ એ બંને કરૂણ છાંટ ઊભી કરે છે.

લોકસેવકની ભાવના તો દરેકમાં પડેલી છે, એ ભાવનાને સેવાનો આછો નહીં પણ ઘાટો રંગ આપીને લેખિકાએ જનતામાં રહેલી ઉચ્ચ ભાવનાનો આ નવલકથા દ્વારા આવિષ્કાર કર્યો છે.

વીસ વીસ વર્ષના તપ પછી પણ જાણે જ્યાંથી શરૂ કર્યું હોય ત્યાં જ આવીને ઊભા રહેતા હોય એવી પરિસ્થિતિ માધવલાલ મહારાજ પાસે આવે છે ત્યારે એ ક્ષણભર તો હતાશ થઈ જાય છે. પણ પછી જાતે જ સાંત્વના મેળવી લે છે. સફળતા પછી નિષ્ફળતાનો અનુભવ માણસ જાતની વિશિષ્ટ લાગણી છે. લેખિકા માનવધર્મ - વિશ્વધર્મ અને સમાજ કાર્ય ત્રણેયને એક ભૂમિકાએ

લાવી મૂકે છે.

વર્ષાબહેને આપણને રણની ધરતીનો વેરાન ચિતાર આપ્યો છે અને વીરડાની મીઠાશ પણ આપી છે. આમાં એકેય પ્રસંગ ખોટો નથી, છતાં આમાં કયાંય કથારસને ક્ષતિ આપતી નથી. અખબારી નવલકથામાં વાસ્તવનું નર્યું ચિત્રણ જોખમકારક નીવડે પરંતુ આ કથામાં એમ થયું નથી. એનું કારણ સ્પષ્ટ છે.

લેખિકા કહે છે- ''માણસનું અસ્તિત્વ પથ્થર જેવું સઘન નથી, એમાં ચેતનાની તિરાડ છે. મારે મન આ કથા એક અંતર શોધની યાત્રા બની રહી છે.'' (૧૩)

જ્યારે બીજા માણસની સમસ્યા લેખિકા કે સર્જકની પોતાની આંતરયાત્રા બની જાય ત્યારે એક ઉમદા કૃતિ જ નહીં પણ એક ઉમદા સમાધાન પણ પ્રાપ્ત થાય છે. દુઃખી લોકો માટે સરકાર શું કરી શકે ? તો એનો જવાબ આ કૃતિમાં છે. સમાજની ઉમદા સેવા કર્યા વગર સમાજપ્રેમ ઘડી શકાય નહીં.

સમાજ - પ્રશ્ન - કલા - સાહિત્યનો ચતુર્વિધ સંગમ અહીં જણાય છે - હરીન્દ્ર દવે કહે છે -

''ભાષા પાસેથી પણ લેખકે સરસ કામ લીધું છે : ટૂંકા સંવાદો અને ધારદાર વર્ણનો તો ખરાં જ, પણ કથા નાયકનું સતત ઉપસતું રહેતું આત્મ સંવેદન. આ સંવેદન આ કથાને કલાત્મક ઘાટ આપે છે. ઘટનાઓ ભલે સત્ય સાથે નાતો ધરાવે, સંવેદનનો નાતો સર્જક સાથે જ છે.'' (૧૪)

અખબારી નવલકથામાં ભાષાની સચોટતા - સરળતા અને સહજતા ઘણી કારગત નીવડે છે. અખબારી નવલકથાની જરૂરિયાતો જરા જુદા પ્રકારની હોવા છતાં નવલકથા સ્વરૂપની કલાત્મકતા હોવી જરૂરી છે. કૃતિમાં તો આ સંવાદ ઘણું કહી જાય છે.

''વ્યસનની લતના ગેરફાયદા રોજ સમજાવું છું. આજ તો પ્રતિજ્ઞા લ્યો કે વ્યસન મૂકી દેશું જે વ્યસન છોડે એજ જુવાન ગામની સેવાના પવિત્ર કામમાં હાથ લગાડે. કોણે વચન પાળ્યું છે એ તો ફરી આવીશ જોઈશ. લ્યો ત્યારે રામ રામ.'' (૧૫)

ધારાવાહિક નવલકથા સામાજિક નવલકથા બનવા તરફ ગતિ કરે છે. કારણ કે તે સમાજ માટે જ રચાઈ હોય છે. સમાજનાં દૂષણોને તેમાં પ્રાધાન્ય મળતું હોય છે. સમાજ કલ્યાણ એ એની નેમ હોય તો આવી નવલકથા અખબારોમાં ટકી જાય છે. તેમાં કોઈ બેમત નથી.

આ કથાનો નાયક અંતમાં પોતાની જાત સાથે વાત કરે છે :

“હા, માધવ, તે પરોઢનાં પગલાં ભર્યાં. કચ્છની ધરતી છોડી તું ભાગ્યો. ઈલમની લાકડી ફેરવી દેવાથી રાતોરાત કોઈ નવો સમાજ નિર્માણ થતો નથી. મંદિરના શિખર પર સુવર્ણ કળશ ઝળહળી શકે એ માટે કોઈએ તો પાયાના પથ્થર બની સદાને માટે ઊંડે ધરબાઈ જવું પડે છે.” (૧૬)

પાયાના પથ્થર બનવાની મથામણમાં લેખિકાએ ઘણી જ ઉમદા નવલકથા આપી છે. લોકસેવા - સમાજસેવા અને વિશ્વમંગલ એ ધારાવાહિકોના વિષયો તરીકે ઘણીવાર આવ્યા કરતા વિશેષો છે. હરીન્દ્ર દવે કહે છે- “આ દેશની અપરિચિત ધરતીમાં ખૂંપી જઈ ત્યાં કામ કરનારા માનવીની કથા નવલકથાના માધ્યમ દ્વારા કહેવી એ ચીલાચાલું વાત નથી ! ઘરેડમાંથી મુક્ત થવાની વાત છે એ માટેની સજ્જતા વર્ષાબહેન પાસે છે.”(૧૭)

આવી રીતે લેખિકાએ અખબારી નવલકથાની રજૂઆત કરતાં ત્રણ મુદ્દાઓને ધ્યાનમાં રાખ્યા છે.

(૧) લોકનાયકને રજૂ કરવો.

(૨) સમાજસેવા - ગરીબોની મદદ રજૂ કરવી

(૩) સામાજિક પ્રશ્નોને અભિવ્યક્તિ આપવી.

ટૂંકમાં, આ કથા ધારાવાહિક તરીકેની પૂર્ણ યોગ્યતા ધરાવે છે અને તેમાં જીવન અને કલાનો અદ્‌ભૂત સમન્વય રજૂ થાય છે. કોઈપણ નવલકથા સૌથી પહેલાં કથા છે. તેથી એ કોઈ કાર્યનું ચિત્રણ છે. જે કશુંક બને છે તેનું કથન છે તેવી જ રીતે જ્યારે જરૂર પડે ત્યારે કશાકનું વર્ણન પણ છે. નવલમાં બનતી ઘટનાઓ માણસોના જીવનમાં બને છે. એટલે માણસો તેનું મહત્ત્વનું અંગ છે. વર્ષાબેન અડાલજાને માણસમાં રસ છે. એની વેદના અને એમાંથી ઉત્પન્ન થતાં કારૂણ્યમાં રસ છે. એને છેક ઊંડે જઈ તપાસવામાં અને એની સંકુલતાઓ બહાર લઈ આવવામાં એમને જબરી ફાવટ છે. વર્ષા અડાલજા પોતે સારી નાટ્‌યઅભિનેત્રી છે એટલે નાટયાત્મકતાના અંશોએ પણ એમને આ નવલકથામાં સરસ વિનિયોગ કર્યો છે. સમાજના વાસ્તવને નિરૂપીત કરતાં જઈ સર્જકે નવલકથાના તત્વો કે કથાની નવીનતા પૂરેપૂરી પ્રગટાવવાનો પ્રયત્ન કર્યો છે. કથાવસ્તુથી આરંભીને જીવન દર્શન સુધીની બધી જ બાબતો નવી અને અપૂર્વ હોય છે. સ્વાભાવિકતા અને પ્રતીતિ કર્તાનું સુંદર સંયોજન એમણે એમની પ્રસ્તુત નવલકથામાં કરી બતાવ્યું છે. નવલકથામાં જીવતા જીવનું નિરૂપણ હોય છે એટલે એમાં બહુ નજીકના ભૂતકાળની વાત આવે છે. અને સમકાલીનતામાં

ઠાલવીને સર્જક એના સંકુલ પળો ખોલીને રસતત્ત્વ ઉજાગર કરે છે અને એ રીતે સૌંદર્યની એક ઈમારત આપણને બતાવે છે. નવલકથા રૂપે ધારાવાહી નવલકથામાં વર્ષાબેન આગવું નામ છે. એ એમની નવલકથાઓથી પ્રતીત થાય છે.

## ૭.૩ ઈલા આરબ મહેતા કૃત - '-અને મૃત્યુ'

ઈલા આરબ મહેતા, વર્ષા અડાલજાનાં સગાં બહેન થાય છે. આ બંને બહેનોએ ગુજરાતી વાર્તા - નવલકથાને વિશેષ પ્રદાન કર્યું છે. ઈલાબહેને સંપ્રાજ્ઞ વિદ્વાનો, ચિંતકો અને દાર્શનિકોને પણ જેનું આકલન નથી થયું તે મૃત્યુ જેવી ઘટનાને ચિંતન વિષય તરીકે લખાયેલી લઘુ નવલ '-અને મૃત્યુ' 'ગુજરાત મિત્ર'માં ધારાવાહી સ્વરૂપે પ્રસિદ્ધ થઈ હતી, તેનું પુસ્તકરૂપે પ્રકાશન પણ થયું છે.

ઈલા બહેનની નવલકથા યાત્રા જોઈએ તો - 'ત્રિકોણની ત્રણ રેખાઓ' (૧૯૬૯), 'એક હતા દિવાન બહાદુર' (૧૯૭૬), 'શબ્દને નામ નથી હોતું' (૧૯૮૧), 'અને મૃત્યુ' (૧૯૭૯), 'બત્રીસ પૂતળીની વેદનાઓ' મહત્ત્વની છે. તેમાં 'અને મૃત્યુ' વિશિષ્ટ છે. 'અને મૃત્યુ'નો નાયક એક રીતે જોઈએ તો નચિકેતા છે. ''કથા ઉપર પાત્રો નિમિત્તે અને પરિસ્થિતિ સંદર્ભે મૃત્યુનું જ શાસન પ્રવર્તે છે. એ દષ્ટિએ આ દ્વિનાયક લઘુનવલ છે.'' (૧૮)

'અને મૃત્યુ'માં નાયકને લગભગ મૃત્યુનો અનુભવ થાય છે તે માટે હિમાલયનો અફાટ વિસ્તાર તેમણે આલેખ્યો છે. હિમાલય પ્રવાસનાં અનેક પુસ્તકો આ માટે લેખિકાએ વાંચ્યાં.

'મૃત્યુ' કૃતિમાંના ઘણાં પાત્રોને ઉદરસ્થ કરે છે. નચિકેતા પણ મૃત્યુનું નિમંત્રણ સ્વીકારે છે. અહીં કથાના અંત ભાગમાં લેખિકાએ અદ્‌ભૂત ચમત્કૃતિ સાધી બતાવી છે.

'અને મૃત્યુ' કૃતિમાં મૃત્યુની ફિલોસોફી તો છે જ પણ તેમાં પ્રસંગોમાંથી જીવનની રહસ્યમયતા વધુ ઉત્પન્ન થાય છે.

કૃતિનો આરંભ ઉપનિષદના નચિકેતા જેવા નચિકેતાથી થાય છે. નચિકેતાને અમિતા (તે ક્ષણે તે નચિકેતાની વાગ્દતા પ્રિયતમા હતી) પૂછે છે : શું વિચારે છે ? નચિકેતા કહે છે : ''કે આવડા અસીમ વિરાટ બ્રહ્માંડમાં હું નચિકેતા એ ચાર અક્ષરોના ચોકઠામાં પુરાઈ ગયો છું. હું એટલે કોણ ? આ શરીર ? આ શરીર એના આકાશના તારા એક જ પદાર્થના છે.''

લેખિકા કહે છે - ''મારે તો અનુભવ પછીની માનવીની બદલાયેલી માનસિકતા, તેના વ્યકિતત્વમાં

થયેલા ફેરફારોની આંતરિક છબિ આલેખવી હતી.'' (૧૯)

અહીં મૃત્યુનો અનુભવ અને તેની અસર છે. કઠોપનિષદના નચિકેતાનો અવાજ આ લઘુનવલના નાયક નચિકેતતાના આ પ્રશ્નોમાં જ પડઘા છે. આ નવલકથામાં લેખિકાએ પ્રસંગો ઉપર પ્રસંગોની ગોઠવણી કરીને વાચકને કથારસ કરતાં રહસ્યરસ વધુ પીરસ્યો છે.

અમિતાના ભાઈ રવિ સાથે સાહસવૃત્તિથી હિમાલય ચઢતાં વરસાદી તોફાનમાં સપડાયેલો ઉન્મત થયેલો અને ભાન ગુમાવી બેઠેલો રવિ ખીણમાં ફંગોળાઈ જતાં મૃત્યુ પામ્યો. આઘાતથી સ્તબ્ધ ને શૂન્ય મનરક થઈ ગયેલા નચિકેતાને પણ મૃત્યુનો થોડીક ક્ષણો પૂરતો સાક્ષાત્કાર થયો. મૃત્યુ એને ઘસાઈને પસાર થઈ ગયું. એ ક્ષણો પછી નચિકેતા પ્રબળ જિજીવિષા ધરાવતો એક સામાન્ય મનુષ્ય પુરવાર થયો.

લપસી પડતાં ખીણમાં ગબડી પડવાની અણી ઉપર આવેલી અમિતા સહાયની અપેક્ષાથી નચિકેતાને બોલાવે છે ત્યારે એ મરણના ભયથી પત્નીની વહારે જઈ શકતો નથી . એ સ્થિર થઈ જાય છે. અને ત્યારે અમિતાને નચિકેતા કેવો કાયર છે તેનું ભાન થાય છે. એ કહે છે કે ''હવે હું જાણી ગઈ છું નચિકેતા. તું રવિના નહિ, તારા મૃત્યુના કુંડાળામાં જીવી રહ્યો હતો.''

નચિકેતા રવિને બચાવી ન શકયો પોતે તેના મૃત્યુનો અસહાય સાક્ષી બની રહ્યો. મૃત્યુ પોતાને પણ ઘસાઈને પસાર થઈ ગયુ હતું. આ બે ઉપરાછાપરી બનેલી ઘટનાથી મરણભયથી સત્રસ્ત એવો નચિકેતા તો શું કોઈ પણ મનુષ્ય આ રીતે જ વર્તે. આ પરિસ્થિતિ સંદર્ભે નચિકેતા પ્રત્યેનો ભાવકનો સમભાવનો સ્રોત અખંડ વહેતો ચાલુ રહે છે, તે ભાવકના તિરસ્કારને પાત્ર નથી બનતો.

લેખિકા કહે છે કે - ''ભાષા - કથન, વર્ણન અને સંવાદો - તે આજના નવલકથાકારને માટે એક પડકાર છે. મારે માટે પણ પાત્રોના સંવાદો રોજબરોજની ભાષામાં હોય પણ નીરસ અને ફિક્કા તો ન જ બનવા જોઈએ.'' (૨૦)

લેખિકાએ આ વાતનું સંપૂર્ણ ધ્યાન રાખ્યું છે.

મૃત્યુના આ કૃતિમાં ત્રણ સંદર્ભો ધ્યાન આવ્યા છે.

(૧) નચિકેતાના પિતાનો ઉપરી નિર્દિષ્ટ સંદર્ભ

(૨) નચિકેતાનો આત્મ પ્રત્યાત્મક મોક્ષલક્ષી સંદર્ભ

(૩) આલોકની પત્ની અનુરાધાનો કૃષ્ણ સાક્ષાત્કાર માટેનો સાધનલક્ષી સંદર્ભ

લેખિકા કેફિયતમાં કહે છે - ‘‘લખવાનો સમય મેળવવો પડે. મીડનાઈટ ઓઈલ- મધ્યરાત્રિએ જાગીને લખવાની ય વેળ આવે. ટી.વી. સીરીયલ લખાય ત્યારે પ્રોડયુસર કહે તેવા ફેરફારો કરવાનીય તૈયારી રાખવી પડે.’’ (૨૧)

આમ, લેખિકાએ મૃત્યુને અનેક પરિપ્રેક્ષ્યમાં અનેક દષ્ટિબિંદુઓથી નિહાળે છે, એ ઘણું મહત્ત્વનું છે. એનું સફળતાભર્યું નિર્વહણ એમની મહત્ત્વની અને અનુત્તમ કલાસિદ્ધિ છે.

આજ કારણે આ કૃતિ કેવળ આ લેખિકાની જ સર્વોત્તમ કૃતિ નથી. મૃત્યુને વિષય કરતી ગુજરાતી નવલકથાઓમાં પણ એક ઊંચું શિખર ધરાવે છે.

ટૂંકમાં આ કૃતિ ઈલા આરબ મહેતાની સર્જકતા, અખબારીતા અને લોકપ્રિયતા ત્રણેયને પુરવાર કરે તેવી માતબર કૃતિ છે.

ગુજરાતી સાહિત્યમાં ઈલા આરબ મહેતા વિદ્રોહી લેખિકા તરીકે પણ ઓળખી શકાય. એમના માનસમાં ધમસાણ મચેલું છે. અને તીવ્ર અસંતોષ આ સમાજ પ્રત્યે જણાય છે. એમની કથાઓ વાંચવાથી થાય છે ધારાવાહિક નવલો આપવાની સાથે એમણે એમાં જ કલાસીકલ વલણો બતાવી શિષ્ટ કૃતિઓ આપી છે. આપણે જોઈએ છે કે કોઈપણ સાહિત્ય કૃતિઓની જેમ નવલકથાનું પણ ખરૂં ઉપાદાન તો માનવ જીવન છે. માનવ જીવન એટલે આ જગતમાં માણસ તરીકે જીવતા માણસને થતા સુખદ, દુઃખદ અનુભવો. આ અનુભવોના સંદર્ભમાં બદલાય છે. અનુભવો પોતે મૂળભૂત રીતે બદલાતા નથી. આથી કથાવસ્તુનો આધાર ગમે ત્યાંથી લીધો હોય પણ આખરે તો તેને માનવ જીવન સાથે જ છે. નવલકથા સર્જક પોતાની કલ્પનાને બળે ભૂતકાળનો પુનઃ સર્જન કરે છે એજ રીતે તે વાસ્તવનું પણ ચિત્રણ કરે છે. એથી એક જીવંત કૃતિ આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે અને તે ઘડીભર સમકાલીન જીવનથી વિખૂટા પડવાની ભાગેડૂવૃત્તિ ધરાવનાર વાચકને ભારે રસપ્રદ થઈ પડે છે. દરેકના ભૂતકાળમાં દરેકને વત્તો ઓછો રસ હોય છે. ઈલા આરબ મહેતાની આ નવલકથા આપણને આ રીતનું એક અખંડ સૌંદર્ય બતાવે છે એમાં લેખિકાની પ્રતિબદ્ધતા જોઈ શકાય છે. નવલના ઘટક તત્વોનું સંમિશ્રણ પોતાની આગવી રીતે કરીને કૃતિ નિર્માણ થઈ છે.

## ૭.૪ શ્રીમતી સરોજ પાઠક કૃત - 'ટાઈમ બોમ્બ' (૧૯૮૭)

સરોજ પાઠક એક મહત્ત્વનાં નવલકથાકાર છે. તેમણે એક બાજુ કૃતિનિષ્ઠતા દર્શાવી છે. તો બીજી તરફ તેઓ લોકપ્રિયતા માટે ધારાવાહિક તરફ વળ્યાં છે.

સરોજ પાઠકની નવલકથાઓની કૃતિનાં શીર્ષકો જોઈએ તો - 'નાઈટ મેર' (૧૯૬૯), 'નિઃશેષ' (૧૯૭૯), 'પ્રિય પૂનમ' (૧૯૮૦), 'ટાઈમ બોમ્બ' (૧૯૮૭) નો સમાવેશ થાય છે.

લેખિકાએ જે નવલકથાઓની રચનાઓ કરી છે તેમાં 'ટાઈમ બોમ્બ' એક દાંમ્પત્ય જીવનની નારી ચેતનાની કથા છે. ગુજરાત સમાચારના 'શ્રી' સાપ્તાહિકમાં તેનું હપ્તાવાર પ્રકાશન થયું હતું. 'ટાઈમ બોમ્બ' છૂટાછેડાની ધાર પર તોળાઈ રહેલ યુગલની દામ્પત્યવિષયક સમસ્યાઓની કથા છે. પ્રસાદ બ્રહ્મભટ્ટ કહે છે- ''સ્વરૂપ અને વૃંદાની મનઃ સ્થિતિ લેખિકાએ સુપેરે આલેખી છે, એમાંયે ભાંગી પડેલી વૃંદાનાં માનસિક સંચાલનોનું આલેખન પ્રશસ્ય છે.'' (૨૨)

પ્રણય ત્રિકોણવાળી કૃતિઓમાં હોય છે તેમ અહીં પણ સમસ્યાના કેન્દ્રમાં કથાનાયકના જીવનમાં પ્રવેશેલ એક કુંવારી છોકરી છે.

પ્રણય ત્રિકોણની ટ્રેજેડી દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

કથામાં પરિસ્થિતિઓનું ક્રોસવર્ડ છે.

★ પરણેલો પુરૂષ અને કુંવારી છોકરીનો પ્રણય

★ દંપતીને ખોડવાળી બાળકી છે અને એની જવાબદારી

★ કુંવારી છોકરીનો લગ્નથી ઈન્કાર

★ દામ્પત્ય જીવનની સમસ્યાઓ.

આ પ્રકારની ધારાની કથાઓ અને પ્રસંગો નિરૂપાયા છે.

લેખિકાએ પોતાની પ્રસ્તાવનામાં E.M. Nokerની ત્રણ પત્નીઓ ટાંકી છે-

"Human needs Some food

Some Work, Some Sun

Some Fun, Some One...." (23)

ધારાવાહિક નવલકથાનો સંપૂર્ણ મસાલો અહીં હાજર છે, પણ એને ધારાવાહિકની રીતે સાથે

સાથે કલાત્મક શિષ્ટતા સાથે નિરૂપાયું છે.

આધુનિક સુસજ્જ, સમૃદ્ધ ફ્લેટમાં પ્રમાણમાં સુખી, વેલસેટલ્ડ દામ્પત્ય જીવન જીવતાં મિસ્ટર સ્વરૂપ અને મિસીસ વૃંદા મહેતાના દાંમ્પત્ય જીવનમાં એક ટાઈમ બોમ્બ મૂકાય છે. ફ્લેટમાં વૃંદા એકલી હોય છે ત્યારે ન્યાલચંદ ઝવેરીનો ફોન આવે છે- ''તમે જે મદ્રાસી નંગવાળો દ્વાર નોંધાવ્યો હતો તે તૈયાર થઈ ગયો છે.''(૨૪)

આવા વળાંકો પ્રકરણે - પ્રકરણે જોવા મળે છે.

સ્વરૂપ - વૃંદાનાં દસેક વર્ષ જૂના, પરિચિતોને ગમી જાય એવા આદર્શ યુવતીના દામ્પત્ય જીવનમાં કયારેક તિરાડ જેવું કંઈક લાગતું હતું પણ વૃંદા એ કબુલવા તૈયાર ન હતી. આજે ફોન આવ્યો પછી તેને લાગે છે કે - ''તે અદ્યતન ફ્લેટ છતાં કોઈ ઢળી પડેલી ઈમારત પાસે ઊભી છે, ને ફસકાઈ પડી છે.''(૨૫)

સ્ત્રી ચેતનાના વિવિધ આયામો, એમાં પણ ખાસ તો સ્ત્રીની પીડાત્મક ચેતનાનો પરિચય કરાવ્યો છે. જેમકે પોતાની દામ્પત્ય જીવનમાં પ્રવેશેલ ત્રીજી વ્યક્તિ કોણ છે એની માહિતી વૃંદા પોતાના પતિ પાસેથી જ મેળવે છે પણ એ માહિતી મેળવ્યા પછી તેની મનઃ સ્થિતિ વધારે ક્ષુબ્ધ બને છે.

ધારાવાહિક અખબારી આ નવલકથામાં ત્રણ પ્રકારે કથાવસ્તુની પ્રસ્તુતિ થઈ છે.

(૧) પ્રણયકથાનો આધાર

(૨) સ્ત્રી ચેતનાનો આધાર

(૩) સમસ્યાનો આધાર

આ લક્ષણો વૃંદામાં જણાય છે.

વૃંદા અંદરથી ભાંગી પડે છે, ત્રણ પાત્રોમાં પોતે જ વધારાનું, બિનજરૂરી પાત્ર છે એમ માની તે ટ્રેઈન નીચે પડીને આપઘાત કરવા જવાનું નક્કી કરે છે. પ્રસાદ બ્રહ્મભટ્ટ લખે છે -

''આ નવલકથાની લેખિકા સ્ત્રી છે અને કૃતિમાં બે મુખ્ય સ્ત્રી પાત્રો છે. પરિણામે કૃતિમાં અવારનવાર સ્ત્રીનું પુરૂષ પ્રત્યેનું દષ્ટિબિંદુ વ્યક્ત થયું છે.''(૨૬)

કથામાં ફેમીલી ડૉક્ટર નાણાંવટીનો ફોન આવે છે અને સ્વરૂપના જીવનમાંથી હંમેશ માટે દૂર જવા ટ્રેઈનમાં નીકળી ચૂકેલી સ્વરૂપની પ્રેમિકા લીના ટ્રેઈન એકસીડન્ટનો ભોગ બની હોસ્પિટલમાં

અંતિમ ક્ષણો પસાર કરી રહી છે એવું તે જાણવા પામે છે.

નવલકથાનું શીર્ષક સમગ્ર કૃતિમાં છવાઈ ગયું છે. શીર્ષક સંદર્ભે સાર્થક છે. લેખિકા લખે છે : ‘‘ટાઈમ બોમ્બ ફૂટશે... કોઈપણ રીતે....’’

આમ અહીં ટાઈમ બોમ્બ ફૂટે છે અને સંબંધો વેરવિખેર થાય છે.

ડૉ. નાણાંવટીના આગ્રહને કારણે હોસ્પિટલમાં જઈ લીનાની અંતિમ ક્ષણોનાં સાક્ષી બનવું પડે છે. આ આઘાતથી પેરેલિસિસનો ભોગ બનેલ સ્વરૂપની ટ્રીટમેન્ટ અને તે દ્વારા નવી જીંદગીની શરૂઆત વૃંદાને કરવી પડે છે. અહીં નવલકથા પૂરી થાય છે.

માનસિક સંચલનો માટે લેખિકાએ મુખ્યત્વે સ્વગતોક્તિનો સહારો લીધો છે. તેમાં તેમને મહદ્અંશે સફળતા મળી છે. સ્વરૂપ પોતાની યાદગીરીરૂપે પોતાનાથી છૂટી પડતી પ્રેમિકાને હીરાનો હાર આપવા માંગે છે પણ તેની ઉપેક્ષા કરી લીના તેને સંભળાવે છે : ‘‘યૂ આર સચ એન ઈડિયટ બાસ્ટાર્ડ’’ (૨૭)

સ્ત્રીનો પક્ષ, પુરૂષનું દષ્ટિબિંદુ બધું જ અહીં રજૂ થાય છે. લીના કહે છે કે-

‘‘ચાહવું કે લવ એવા બધામાં હું માનતી નથી, યૂ નો, મારૂં નામ લવલીના ! અને તમે અને લીના કહો છો : લવ કેન્સલ કરી નાંખ્યો છે આમેય આ તો એક ખાલી અફેર છે. અઠ્ઠાવીસ વર્ષથી એકલી રહેતી હોય એટલે બોરડમ દૂર કરવા એક મનોરંજન ખેલ ખેલે તેટલા પૂરતું જ છે.’’ (૨૮)

પ્રણય એ ધારાવાહિકનો પ્રાણ બની જાય છે. ‘‘અહીં પ્રણય ત્રિકોણ ખરો, પણ તે ચીલાચાલું સ્વરૂપનો નહીં, જરા નવી દષ્ટિવાળો ને નવા સંદર્ભમાં, ‘Some Fun’ અને ‘Some One’ની ઉપસ્થિતિવાળા દાંમ્પત્યનો સંઘર્ષ નવ જમાનામાં પતિ-પત્ની વચ્ચેનો સંઘર્ષ નિરૂપવાનો.’’ (૨૯)

લેખિકાએ પ્રકરણવાઈઝ હપ્તાનો ખ્યાલ રાખ્યો છે અને એને રજૂ કરવાની તકેદારી રાખી છે.

આ નવલકથા ‘શ્રી’ (ગુજરાત સમાચાર) સાપ્તાહિકમાં હપ્તાવાર પ્રગટ થઈ હતી. છતાં ધારાવાહિક નવલકથાઓની મર્યાદાઓથી કેટલેક અંશે મુક્ત રહી શકી છે.

પ્રસાદ બ્રહ્મભટ્ટ લખે છે - ‘‘લેખિકાએ પોતાની અન્ય નવલકથાઓથી આ કૃતિને જુદી પાડવાનો પ્રયત્ન કર્યો છે અને તેમાં તેમને મહદ્અંશે સફળતા મળી છે.’’ (૩૦)

ટૂંકમાં આ નવલકથા સ્ત્રી-પુરૂષ સંબંધની સૂક્ષ્મતાને રજૂ કરે છે.

લોકપ્રિયતાના પાસાએ આપણને ઘણા બધા મહત્ત્વના સર્જકો આપ્યા છે. અને આ સર્જકોએ ધારાવાહી રૂપે લખીને લોકપ્રિયતા તો મેળવી જ છે સાથે ઉત્તમ કૃતિઓ પણ આપી છે. તેમાં એક સ્ત્રી લેખિકા તરીકે સરોજ પાઠકનો પણ સમાવેશ થાય છે. તેઓએ પ્રણયકથા નવીનતા સાથે ઘેરો વિષાદ અને કરૂણતા સર્જવામાં અહીં સફળતા મેળવી છે. સમાજનું વાસ્તવિક ચિત્રણ અને કુટુંબમાં સારી-નરસી આશા બતાવવાનો એમણે ઉપક્રમ રાખ્યો છે. આપણે જાણીએ છીએ કે નવલકથા સામગ્રી તરીકે આવતું કથા બીજ તેના બધા રૂપ-રંગ સાથે પુરા પરિસર સાથે સમકાલીન સમાજને પણ આપણી સમક્ષ તાદશ્ય કરે છે. એના આલેખનમાં નવલકથાકારે એટલી કાળજી લેવી જરૂરી હોય છે કે તે નવલકથાના વાચકને યથાતથ કે યથાર્થ લાગે. ઘણી વખત આપણને પ્રશ્ન થાય છે કે શું સમાજની વાસ્તવિકતા નવલમાં અનિવાર્ય છે ખરી ! તો ખ્યાલ આવશે કે ધારાવાહી નવલકથાઓમાં એ કેટલું કારગત નીવડે છે અને આ બાબતોને લગભગ બધા જ ધારાવાહી નવલકથાકારો જાણે છે, તેથી તો તેઓ ભાવકોની આટલા નજીક હોય છે અને લોકપ્રિયતા પ્રાપ્ત કરે છે. સરોજ પાઠકની અહીં ઉલ્લેખાયેલી નવલકથાઓમાં પણ ઉપરોક્ત બાબતોનો પરિચય થાય છે. અહીં જેનું દર્શન કરાવ્યું છે તે નવલકથાનું પ્રણય પાસું જ તેની પ્રસિદ્ધિ માટે જવાબદાર છે તે ન ભૂલવું જોઈએ.

### ૭.૫ કાજલ ઓઝા વૈદ્ય કૃત - 'પારિજાતનું પરોઢ'

સાંપ્રત ગુજરાતી ધારાવાહિક નવલકથાઓની ધારામાં કાજલ ઓઝા વૈદ્યનું નામ ઘણું જ ઉલ્લેખનીય છે. 'દિવ્ય ભાસ્કર' સાથે સંકળાયેલાં આ લેખિકાએ દર વર્ષે નવી ને નવી કથાઓ રજૂ કરી છે, જેમાં 'પારિજાતનું પરોઢ' એક મહત્ત્વની અખબારી કથા તરીકે ઉપસી આવી છે.

કાજલ ઓઝા વૈદ્ય એક અબખારી નવલકથાકાર છે. તેમણે 'યોગવિયોગ,' 'મધ્યબિંદુ,' 'મૌન,' 'રાગ,' 'પારિજાતનું પરોઢ,' 'તારા ચહેરાની લગોલગ,' 'કૃષ્ણાયન' વગેરે નવલકથાઓ લખી છે.

'પારિજાતનું પરોઢ' નવલકથા ધર્મની ચાદર પર બેઠેલા એક માણસની કથા, જેણે સત્યને ત્યજીને પ્રેમને અપનાવ્યો હતો. આ નવલકથા દિવ્ય ભાસ્કરની મધુરીમા પૂર્તિમાં ધારાવાહિક રૂપે પ્રગટ થતી હતી.

પારિજાતનું પરોઢ નવલકથા પ્રથમ નજરે શુદ્ધ પ્રણયકથા લાગે. કોઈ નવજુવાન છોકરા અને

છોકરીની કથા હશે. પણ એવું નથી અહીં તો ધર્મ અને કર્મનો પ્રણય રજૂ થયો છે. લેખિકા તો આ સંદર્ભમાં પોતાનું મંતવ્ય રજૂ કરે છે-

"અંગત અનુભવોને ક્યારેક એવા ને એવા લીલા - લોહી ટપકતા તો ક્યારેક ખડખડાટ હસતા, ક્યારેક ઝળઝળિયાં સાથે તો ક્યારેક બંધ આંખને સંપૂર્ણ સ્ત્રી હોવાની પરિતૃપ્તિના અનુભવના આહ્‌લાદ સાથે મેં મારી નવલકથાઓમાં વણ્યા છે." (૩૧)

લેખિકા જ્યારે અખબારી નવલકથા લખે છે ત્યારે તેનો રંગ જુદો જ પરખાય છે. તેથી જ તો એમણે જુદી જુદી નવલકથાઓમાં જુદા જુદા સમયખંડોને સ્પર્શીને મારી જુદી જુદી નાયિકાઓને કંડારવાનો પ્રયાસ કર્યો છે.

'પારિજાતનું પરોઢ'નો વિષય આમ તો અખબારી નવલકથા માટે નથી પણ લેખિકાની શૈલી એને લાયક બનાવે છે. તથાગતનું પાત્ર જ અહીં મુખ્ય કારણ છે. 'તથાગત'નું પાત્ર લેખિકાનું પ્રિયપાત્ર બની રહ્યું. આવડા મોટા સંપ્રદાયની ધર્મની ગાદી પર બેઠેલા માણસ, આવો મોડર્ન, આવો હેન્ડસમ અને છતાં આવી રીતે દિલ ફાડીને પ્રેમ કરી શકે, એ વિચાર લેખિકાને જડ્યો. અને એના પર કથા રચાઈ ગઈ. લેખિકા કબુલ કરતાં કહે છે :

"પરંતુ એ વિચાર મને એટલો તો જકડતો ગયો કે ધીરે ધીરે તથાગતને 'લાર્જર ધેન લાઈફ' બનાવતાં કદાચ હું જ એના પ્રેમમાં પડી ગઈ એવું મારા વાચકોને લાગ્યું." (૩૨)

લેખિકા કથામાં ડૂબી જાય છે ત્યારે તે કથામાં લેખિકાના સંવેદનો જ પ્રત્યક્ષ થાય છે. વાચક ક્યારેક ભેદ કરી શકતો નથી, આ જ વાતને ઈન્વોલ્વમેન્ટ કહી શકાય.

તથાગત ધર્મની ગાદી પર બેઠા પછી પહેલું વ્યાખ્યાન કરે છે તેમાં લેખિકાની શૈલીમાં જે. કૃષ્ણમૂર્તિ, રજનીશ, યુ. જી. અનંતમૂર્તિ, સાર્ત્ર, કાફકા અને એવા કેટલાય વિદ્રોહી વિચારકોની અસર જણાય છે. આ વાત લેખિકાનું ઓતપ્રોતપણું છે, લેખિકા ધારાવાહિકમાં ધારા બનીને વહી નીકળે છે ત્યારે તથાગતના મુખે પોતાની વિચારધારા રજૂ થાય છે.

"હું કોઈ ગુરૂ કે ધર્માત્મા નથી. મારી પાસે કોઈ દિવ્ય શક્તિઓ નથી કે નથી મારા પિતા જેવું અગાધ આત્મજ્ઞાન. ખરૂં પૂછો તો હું માત્ર મારા પિતાનો પુત્ર હોવાના કારણે આ ગાડી પર બેઠો છું."(૩૩)

આ કથામાં એક ધર્મગુરૂની શ્રદ્ધા જીવનશ્રદ્ધા રજૂ થઈ છે. ધર્મગુરૂ હોવાથી કોઈને અંધશ્રદ્ધામાં

નહીં પણ ખુલ્લી આંખે જોઈ શકે તેવી નજર આપવા કોશિશ કરે છે.

"ધર્મને અફીણ બનાવીને કયાં સુધી આમ માણસોને ઘેનમાં રાખવાના ? કયાં સુધી ધર્મના નામે આજ રીતે જીંદગીઓના ભોગ લેવાના ?" (૩૪)

ધર્મના નામે ચાલતી ગલત પ્રવૃત્તિઓ, ખોટી ભ્રમણાઓને દૂર કરવાની પહેલી ફરજ ધર્મગુરૂની જ હોય છે. આથી જ અહીં સાચી દષ્ટિને કેન્દ્રમાં રાખવામાં આવી છે. લેખિકા કહે છે કે- "સવાલ એ રહે છે કે આ સત્ય અને ભ્રમની વચ્ચે ક્યાંક મારી જાતને શોધવાનો. તો મારે પ્રમાણિકતા પૂર્વક સ્વીકારવું જોઈએ કે લેખનની આખીએ પ્રક્રિયા મારી જાતને શોધવાની પ્રક્રિયા છે. હું મારી જાતને ક્યાંક એવી જગ્યાએ ભૂલી આવી હતી, જે જગ્યાનું નામ મારાથી જ ખોવાઈ ગયું હતું..... જાતને શોધતી શોધતી હું આગળ ને આગળ નીકળતી ગઈ. ને જ્યાં ભૂલી આવી હતી તે પાછળ છૂટતું ગયું હતું. નવલકથાનાં પાનાંઓ પર મને એ સરનામું જડ્યું હતું - જડતું રહ્યું. !" (૩૫)

લેખિકા કથા સર્જન કર્મ ધર્મ અને જીવનની મધ્યમાં પોતાની જાતને જ જુએ છે ત્યારે એ દષ્ટિ વાચકની દષ્ટિ જ બની જતી હોય છે.

"આ કયો ધર્મ, જેની સંસ્થાપના માટે આટઆટલી જીંદગીઓ દાવ પર લાગી છે - રોજરોજ લાગી રહી છે. હું પણ આનો એક ભાગ છું. મને લાગે છે કે મારે આમાંથી મુકત થવું જોઈએ." (૩૬)

સામાન્ય વાચક પણ આમ જ વિચારે છે, દષ્ટિથી જુએ છે. ધારાવાહિક નવલકથા માટે કોઈપણ લાયકાત જરૂરી નથી એમ માનનારાં કાજલ ઓઝા વૈદ્ય ધારાવાહી માટે માત્ર શૈલીને જ પસંદ કરે છે. "અંગત અનુભવોમાંથી સર્જાયેલી કથાઓ અને આટલા વાચકો સુધી પહોંચાડશે એવી કયારેય કલ્પના નહોતી, સાચું પૂછો તો મને આજે પણ એમ લાગે છે કે મને નવલકથાનું સ્વરૂપ સમજાતું નથી. મને આવડે છે એક જ વસ્તુ, અને એ છે રસ પડે તેવી શૈલીમાં મારી વાત કહેવાની રીત." (૩૭)

અને આ સાચું છે કે અખબારી ધારાવાહી નવલકથા શૈલીની જ અપેક્ષા રાખે છે. શૈલીમાંથી જ પસાર થઈને કથાવસ્તુ, નિરૂપણ રીતિ અને અભિવ્યકિત શક્ય બને છે. કાજલ ઓઝા વૈદ્ય એટલાં કોન્ફીડન્ટ છે કે તેઓએ ધારાવાહીમાં સ્ત્રી ચેતનાની ધુરા સંભાળનાર લેખિકા બની ગયાં છે. આ માટે આ જુઓ-

“ ‘સ્વધર્મ’ની વાત કહેતી આ બે વિદ્યાર્થીઓની પ્રણયકથા લખતાં લખતાં કયારે થ્રીલર બની ગઈ એની મને જ ખબર ના પડી એમ કહું તો ખોટું નથી.” (૩૮)

ટૂંકમાં ‘પારિજાતનું પરોઢ’ નવલકથામાં અખબારી નવલકથાનાં તમામ લક્ષણો મોજુદ છે. (૧) કથા (૨) પાત્ર (૩) નિરૂપણ (૪) અસર (૫) રોમાંચ બધું જ અહીં પ્રસ્તુત થયું છે. કાજલ ઓઝા વૈદ્ય આજનાં સૌથી સફળ ધારાવાહિક લેખિકા છે. ધારાવાહિક નવલકથાના ઈતિહાસમાં છેલ્લું નામ અને મહત્ત્વનું નામ લઈ શકાય તેમ છે.

નવલકથા સાહિત્ય સ્વરૂપની નવીન દિશાઓ ખોલવામાં સ્ત્રી લેખિકાઓનો ફાળો નોંધપાત્ર રહ્યો છે અને એમાંય આજના ગુજરાતી સાહિત્યમાં કાજલ ઓઝા વૈદ્ય એક ઊંચા મનની લેખિકા તરીકે માન મોભો ધરાવે છે. એક નાટયઅભિનેત્રી પણ તે છે. તેમની નવલકથાઓએ એક જબરજસ્ત લોક સમુદાય આકર્ષાયો છે. તેમની પાસેથી કેટકેટલાય વિષય તરેહની કથાઓ મળે છે. પોતાના વ્યવસાયને અનુલક્ષીને એમણે સમાજનો/દુનિયાનો અને માણસનો નખશીખ અનુભવ છે. એટલે એમની કલમની ધાર સમાજના વાસ્તવે સરસ કાઢી છે. એમની એકાધિક નવલકથાઓ ધારાવાહી રૂપે રજૂ થઈ છે. સ્ત્રીને ભૂલવવા અને એની તાકાત બતાવવામાં તેઓ ખાસ સફળ રહ્યા છે. મોટાભાગે કોઈ સ્ત્રી લેખિકા જાતિયતાનું આલેખન કરવામાં વિચાર કરે પરંતુ માળખાકીય રીતે સંયોજન કરીને કાજલ ઓઝા વૈદ્યે એનું પણ સુંદર આલેખન કરી બતાવ્યું છે. કેમ કે એ પણ માનવ જીવનનો એક હિસ્સો છે. સમાજના અન્ય પાસાઓ જો ખૂબ તકેદારી રાખીને નિરૂપાતા હોય તો આ કેમ નહીં. તેમણે પ્રણયની વિવિધ અભિવ્યક્તિઓ અને તેના જમા-ઉધાર પાસા પણ બતાવ્યા છે. આમ, આ ધારાવાહી નવલકથામાં કાજલબેનનું નામ અગ્રણીય છે. એમની નવલકથાઓ ગુજરાતી સાહિત્યમાં અલગ ચીલો ચાતરે છે. એ તો ચોક્કસ.

*****

# સંદર્ભ સાહિત્ય


(૧) પટેલ ધીરુબહેન, 'શબ્દ સૃષ્ટિ' પૃષ્ઠ - ૧૧

(૨) એજન, પૃષ્ઠ - ૧૧

(૩) એજન, પૃષ્ઠ - ૧૧

(૪) એજન, પૃષ્ઠ - ૧૧

(૫) પટેલ ધીરૂબહેન, 'ગગનનાં લગન' પૃષ્ઠ - ૨

(૬) 'શબ્દ સૃષ્ટિ' ૨૦૦૭, પૃ.-૧૧

(૭) પટેલ ધીરૂબહેન, 'સર્જન પ્રક્રિયા અને નારી સંવેદના', પૃ.-૨૯

(૮) 'શબ્દ સૃષ્ટિ',૨૦૦૭ પૃ.-૧૧

(૯) એજન, પૃ.-૧૧

(૧૦) દિક્ષિત કૃષ્ણવીર, 'કથાદીપ', પૃ.-૪૦

(૧૧) પટેલ ધીરૂબહેન, 'ગગનનાં લગન',

(૧૨) અડાલજા વર્ષા, 'ગાંઠ છૂટયાની વેળા', પ્રસ્તાવના પૃષ્ઠ-૧૦

(૧૩) અડાલજા વર્ષા, પ્રસ્તાવના, પૃષ્ઠ-૧૩

(૧૪) દવે હરીન્દ્ર, 'પ્રસ્તાવના', પૃષ્ઠ-૯

(૧૫) અડાલજા વર્ષા, 'ગાંઠ છૂટયાની વેળા', પૃષ્ઠ-૭૬

(૧૬) એજન, પૃષ્ઠ-૨૯૧

(૧૭) એજન, પૃષ્ઠ-૯

(૧૮) દીક્ષિત કૃષ્ણવીર, 'કથાદીપ', પૃષ્ઠ-૩

(૧૯) 'શબ્દ સૃષ્ટિ' ૨૦૦૭, પૃષ્ઠ-૧૦૬

(૨૦) 'શબ્દ સૃષ્ટિ' ઓક્ટો.-નવે.-૨૦૧૦, પૃષ્ઠ-૨૨

(૨૧) મહેતા ઈલા આરબ, 'સર્જન પ્રક્રિયા અને નારી ચેતના', પૃષ્ઠ-૬૭

(૨૨) બ્રહ્મભટ્ટ પ્રસાદ, ગુજરાતી સાંપ્રત નવલકથા, પૃષ્ઠ-૭૮

(૨૩) પાઠક સરોજ, 'ટાઈમ બોમ્બ', પ્રસ્તાવના પૃષ્ઠ-૪

(૨૪) પાઠક સરોજ, 'શબ્દ સૃષ્ટિ', નવે-૨૦૦૭, પૃષ્ઠ-૧૧

(૨૫) બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'ગુજરાતી સાંપ્રત નવલકથા', પૃષ્ઠ-૧૩

(૨૬) બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'ગુજરાતી સાંપ્રત નવલકથા', પૃષ્ઠ-૭૭

(૨૭) બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'ગુજરાતી સાંપ્રત નવલકથા', પૃષ્ઠ-૭૮

(૨૮) બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'ગુજરાતી સાંપ્રત નવલકથા', પૃષ્ઠ-૪૭

(૨૯) પાઠક સરોજ, 'ટાઈમ બોમ્બ', પૃષ્ઠ-૪,

(૩૦) બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'ગુજરાતી સાંપ્રત નવલકથા', પૃષ્ઠ-૭૮

(૩૧) વૈદ્ય કાજલ ઓઝા, 'શબ્દ સૃષ્ટિ' ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૬૪

(૩૨) વૈદ્ય કાજલ ઓઝા, 'શબ્દ સૃષ્ટિ', પૃષ્ઠ-૨૬૨

(૩૩) વૈદ્ય કાજલ ઓઝા, 'પારિજાતનું પરોઢ', પૃષ્ઠ-૩૫

(૩૪) વૈદ્ય કાજલ ઓઝા, 'પારિજાતનું પરોઢ', પૃષ્ઠ-૩૫

(૩૫) 'શબ્દ સૃષ્ટિ' ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૬૪

(૩૬) વૈદ્ય કાજલ ઓઝા, 'પારિજાતનું પરોઢ', પૃષ્ઠ-૩૬

(૩૭) 'શબ્દ સૃષ્ટિ' ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૬૧

(૩૮) એજન, પૃ.-૨૬૨